Ontario

આરોગ્ય મત્રાલં ય

# તમારી COVID-19 રસી માહિતી પત્ર

સંસ્કરણ 5.0 – April 01, 2021

આ દસ્તાવેજ માત્ર પ્રાથમિક માહિતી જ પૂરી પાડે છે. આ દસ્તાવેજ દાક્તરી સલાહનું સ્થાન લેવા કે નિદાન કે સારવાર, કે કાનૂની સલાહ પૂરી પાડવાના ઇરાદાથી નથી.

આજની તારીખે, નિમ્નલિખિત COVID-19ની રસીઓ કેનેડામાં ઉપયોગમાં લેવા માટે હેલ્થ કેનેડા દ્વારા મંજૂર કરવામાં આવેલ છે: Pfizer-BioNTech COVID-19 vaccine, Moderna COVID-19 vaccine, AstraZeneca COVID-19 vaccine, COVISHIELD COVID-19 vaccine, અને Janssen COVID-19 vaccine. કેનેડા માટે Janssen COVID-19 નો પુરવઠો એક વાર નક્કી થયા પછી તેની માહિતી આ દસ્તાવેજમા ઉમેરવામાં આવશે. કેનેડામાં ઉપયોગમાં લેવાનાર તમામ **vaccines for COVID-19 COVID-19ની રસીઓનું** સખ્ત ધોરણોનો ઉપયોગ કરીને, હેલ્થ કેનેડા દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. હેલ્થ કેનેડા તમામ રસીઓ પર તે સુરક્ષિત અને અસરકારક છે તેની ખાતરી કરવા સતત દેખરેખ ચાલુ રાખશે.

**કૃપા કરી, આ માહિતી પત્રને ધ્યાન પૂર્વક વાંચો અને ખાતરી કરો કે રસી મેળવતાં પહેલાં આરોગ્ય સંભાળ પ્રદાતા દ્વારા તમારા બધાં જ પ્રશ્નોનાં જવાબ આપવામાં આવે.**

## COVID-19 શું છે?

COVID-19 નવા કોરોના વાઈરસ (SARS-CoV-2) નાં કારણે થતો ચેપ છે. COVID-19 સૌ પ્રથમ ડિસેમ્બર 2019 માં ઓળખાયો અને ત્યારથી પૂરા વિશ્વમાં રોગચાળા રૂપે ફેલાયો. COVID-19 સામાન્ય રીતે એક વ્યક્તિથી બીજી વ્યક્તિને જ્યારે ચેપી વ્યક્તિ ખાંસી ખાય, છીંક ખાય, ગાય, વાતો કરે કે તેના શ્વાસોચ્છશ્વાસથી મુખ્યત્વે ફેલાય છે. તે નોંધવું મહત્વનું છે કે ચેપી વ્યક્તિને કોઈ લક્ષણો ના હોય તો પણ ચેપનો ફેલાવો કરી શકે છે. **Symptoms of COVID-19 COVID-19નાં લક્ષણોમાં** ખાંસી, શ્વાસ રૂંધામણ, તાવ, ધ્રુજારી, થાક, અને સ્વાદ કે સુગંધ જતાં રહેવાનો સમાવેશ થઈ શકે છે. કેટલાંક લોકો જેમને વાઈરસનો ચેપ લાગ્યો હોવા છતાં કોઈપણ લક્ષણો જણાતાં નથી, જ્યારે અન્ય લોકોને ઓછાથી ગંભીર કહી શકાય તેવાં પ્રમાણમાં લક્ષણો હોય છે.

### COVID-19ની રસી COVID-19 સામે કેવી રીતે રક્ષણ આપે છે?

બધી જ રસીઓ આપણાં શરીરને ચેપ જેવાં લક્ષણો લાગે તેવું દાખલ કરે જેથી આપણી રોગ પ્રતિકારક શક્તિને જાણ થાય કે તેની સામે કુદરતી રક્ષણ મેળવવાનું કેવી રીતે બનાવવું. આ કુદરતી રક્ષણ ભવિષ્યમાં થનારી બિમારી અટકાવે છે. **રસીથી તમને COVID-19 થશે નહિ.**

COVID-19ની રસી કેવી રીતે રક્ષણ આપશે તેની વધુ વિગતવાર માહિતી આના પર મળશે. Public Health Ontario's (PHO) COVID-19 Vaccines વેબપેજ અને What You Need to Know About COVID-19 Vaccine અને COVID-19 Vaccines: Viral Vector-Based Vaccines.

**કેનેડામાં ઉપયોગમાં લેવાનાર તમામ મંજૂર થયેલી COVID-19ની રસી લક્ષણાત્મક અને લેબોરેટોરી દ્વારા ખાતરી કરાયેલા રોગ સામે રક્ષણ માટે અસરકારક છે.** મોટા પાયે થયેલાં અધ્યયનમાં, જ્યાં લોકોને રસીનાં બંને ડોઝ આપવામાં આવેલ, બધી જ રસીઓ લક્ષણાત્મક અને લેબોરેટોરી દ્વારા ખાતરી કરાયેલા COVID-19થી લોકોને બીમાર પડતાં રોકવામાં સારું કામ કર્યું હતું. રસીની અસરકારકતા પ્રથમ ડોઝનાં 14 દિવસ પછી અને બીજા ડોઝનાં પહેલાં અંદાજે ફાઈઝર-બાયૉનટેક અને મોડર્નાની 90%થી વધુ અને અસ્ટ્રાઝેનેકા/કોવિશિલ્ડની 70% કરતાં વધુ છે. રસીની અસરકારકતા ભલામણ કરેલ અંતરાલથી બીજાં ડોઝના અંદાજે ફાઈઝર-બાયૉનટેક અને મોડર્નાની 90%થી વધુ અને અસ્ટ્રાઝેનેકા/કોવિશિલ્ડની 80% કરતાં વધુ છે. તે અગત્યનું છે કે તમે રસીનાં બંને ડોઝ મેળવો).COVID-19 સામે લાંબા ગાળાનું રક્ષણ રસીનો બીજો ડોઝ ના લીધો હોય ત્યાં ુસધી હાસિલ ના થાય. **કેનેડામાં ઉપયોગમાં લેવાનાર તમામ મંજૂર થયેલી COVID-19ની રસી હોસ્પિટલમાં દાખલ થતાં રોકવા માટે પણ અસરકારક છે.**

## આ રસીઓ કોને મળી શકે છે?

વર્તમાનમાં અગ્રિમતા ધરાવતાં ઓળખાયેલાં જૂથો અને કોઈપણ પ્રકારની રસીથી વિપરીત અસરો નહિ ધરાવતી વ્યક્તિઓને આ સંપૂર્ણ રસીની શૃંખલા આપી શકાશે.

- ફાઈઝર-બાયૉનટેક COVID-19 રસી હાલમાં 16 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓને આપવા મંજૂર થયેલી છે.
- મોડર્ના COVID-19 રસી હાલમાં 18 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓને આપવા મંજૂર થયેલી છે.

- અસ્ટ્રાઝેનેકા COVID-19 રસી હાલમાં 18 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓને આપવા મંજૂર થયેલી છે. હાલ પૂરતું રાષ્ટ્રિય સલાહકાર સમિતિ(NACI)ની recommends ભલામણ છે કે 55 કરતાં ઓછી વયની વ્યક્તિઓ માટે અસ્ટ્રાઝેનેકા COVID-19 રસી અને કોવિશિલ્ડનો ઉપયોગ કરવો નહિ.

હાલ અગ્રિમતાનાં આધારે તમે રસી મેળવવા લાયક છો કે નહિ તે જાણવા માટે કૃપા કરી Ontario's COVID-19 vaccination plan ઑન્ટારિઓની COVID-19 રસીની યોજના જુઓ.

## રસી મેળવતાં પહેલાં, આરોગ્ય સંભાળ પ્રદાતા જે તમને રસી આપતાં હોય તેને જણાવો જો:

- જો તમને અસુખ લાગતું હોય કે તમને COVID-19નાં લક્ષણો જણાતાં હોય.
- જો અગાઉનાં COVID-19ની રસીનાં ડોઝથી કે COVID-19ની રસીનાં અન્ય તત્વોથી કે અન્ય રસીથી તમને એલર્જીક રીએક્શન આવ્યું હોય.
- તમને અન્ય એલર્જી કે એલર્જી સમસ્યાઓ હોય.
- તમે સગર્ભા હોવ કે થઈ શકો છો કે સ્તનપાન કરાવતાં હોવ.
- તમને સ્વ-પ્રતિ રક્ષા સમસ્યાનું નિદાન થયું હોય, અથવા રોગ કે સારવાર ને કારણે રોગ પ્રતિકારકતા ક્ષીણ થઈ ગઈ હોય.
- તમને અગાઉ રસી લેતાં કે પ્રક્રિયા કરતાં બેહોશ થયાં કે ચક્કર આવ્યાં હોય કે તમને ઇન્જેકશન બાબતે ભય હોય. આરોગ્ય સંભાળ પ્રદાતા આનુષંગી સહાય આપી શકશે, ઉદાહરણ તરીકે, બેહોશી નિવારવા સૂતાં રસી મેળવવી.
- તમારે રક્તવિકાર હોય, સહજ ચકામા પડી જતાં હોય, અથવા લોહી પાતળું થવાની દવા લેતાં હોવ. આ માહિતી આરોગ્ય સંભાળ પ્રદાતાને સોયથી થતાં ચકામાં કે રક્તસ્ત્રાવ રોકવામાં મદદ રૂપ થશે.
- તમે છેલ્લાં 14 દિવસમાં અન્ય કોઈ રસી (COVID-19ની રસી નહિ) મેળવી હોય.

Vaccination Recommendations for Special Populations ખાસ વસ્તી માટે રસી કરણ સૂચનો માર્ગદર્શન દસ્તાવેજ સગર્ભા, સ્તનપાન કરાવતાં, એલર્જી હોય, સ્વ-પ્રતિ રક્ષા સમસ્યા હોય, અથવા રોગ કે સારવાર ને કારણે રોગ પ્રતિકારક્તા ક્ષીણ થઈ ગઈ હોય તેવા લોકો, સાથે કિશોરાવસ્થા ધરાવતાં લોકો કે જે COVID-19નાં પરિણામે ઉચ્ચ સ્તરીય જોખમ ધરાવતાં હોય તેમને માટે વધારાની માહિતી પૂરી પાડે છે. તમારી તબીબી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને રસી યોગ્ય છે કે નહિ તે બાબતે તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે વાત કરવી જોઈશે.

# આ રસીઓ મેળવવામાં કોને ઢીલ કરવી જોઈએ?

- એવી વ્યક્તિઓ કે જેને અગાઉનાં 14 દિવસમાં અન્ય કોઈ રસી (COVID-19ની રસી નહિ) મેળવી હોય.
- એવી વ્યક્તિઓ કે જે માંદગીનાં તીવ્ર લક્ષણો ધરાવતાં હોય; આવી વ્યક્તિઓએ લક્ષણોનું સંપૂર્ણ રૂપે નિરાકરણ થઈ જાય ત્યાં સુધી રાહ જોવી પડશે જેથી કરીને રસી સંબંધિત કોઈપણ આડ અસરથી થયેલી માંદગીને પરિણામે થનારા વિપરીત લક્ષણોને પ્રતિક બનતાં નિવારી શકાય.
- COVID-19નાં લક્ષણો ધરાવતી વ્યક્તિઓ. COVID-19નાં પ્રસારનું જોખમ ઓછામાં ઓછું કરવા, જો આવી વ્યક્તિઓ રસી કરણ ક્લિનિક/સ્થળ પર આવે તો તેમણે ક્લિનિક પર જાહેર આરોગ્યનાં નિયમનોનું પાલન કરવાનું સૂચવવામાં આવશે અને પરીક્ષણ કરાવવાનું પ્રોત્સાહન આપવામાં આવશે.
- શંકાસ્પદ કે નિયત થયેલાં COVID-19નાં ચેપવાળાં કે COVID-19નાં કેસ સાથે નિકટનો સંપર્ક ધરાવતી વ્યક્તિઓને કારણે લક્ષણોવાળાં અને લક્ષણો વગરનાં વ્યક્તિઓને સ્વયં એકલતા રાખવાની સલાહ આપવામાં આવે છે તેમને રસી કરણ ક્લિનિક આવવું જોઈએ નહિ અને જ્યાં સુધી તેમનો એકલતા સમય પૂરો ના થાય ત્યાં સુધી તેમની રસી મેળવવા રાહ જોવી પડશે.

# રસી કેવી રીતે આપવામાં આવે છ?

રસી સોયથી બાવડામાં (ત્રિકોણાકાર સ્નાયુમાં) આવે છે. પ્રાંત દ્વારા COVID-19ની રસીનાં ફાઈઝર-બાયોનટેક, મોડર્ના, અસ્ટ્રાઝેનેકા/કોવિશિલ્ડની રસીનાં બીજાં ડોઝનાં આંતરાલને પ્રથમ ડોઝ પછીથી 4 મહિના સુધી વધારવા **recommendations from the National Advisory Committee on Immunication (NACI)** **રસી કરણ પર રાષ્ટ્રીય સલાહકાર સમિતિ(NACI)ની ભલામણોને** અનુસરવામાં આવે છે.

- ફાઈઝર-બાયોનટેકની રસી માટે પ્રથમ ડોઝના 4 મહિના પછી બીજાં ડોઝની ભલામણ કરવામાં આવેલી છે.
- મોડર્નાની રસી માટે પ્રથમ ડોઝના 4 મહિના પછી બીજાં ડોઝની ભલામણ કરવામાં આવેલી છે.
- અસ્ટ્રાઝેનેકા/કોવિશિલ્ડની રસી માટે પ્રથમ ડોઝના 4 મહિના પછી બીજાં ડોઝની ભલામણ કરવામાં આવેલી છે.

વ્યક્તિઓએ તેમની સંપૂર્ણ રસીની શૃંખલા માટે એક્સરખી રસી મેળવવી જોઈશે(દા.ત. વ્યક્તિએ પ્રથમ અને બીજાં ડોઝ માટે એકસરખી રસી મેળવવાની રહેશે). જુદાં પ્રકારની રસી (દા.ત. એમઆરએનએ, વિષાણુ વાહક) અલગ રસી ગણાશે અને એક શૃંખલામાં તેનો ઉપયોગ ના થવો જોઈએ.

# રસીઓમાં કયા કયા તત્વો છે?

| તત્વો | | ફાઈઝર-બાયોનટેક | મોડર્ના | અસ્ટ્રાઝેનેકા/કોવિશિલ્ડ |
|---|---|---|---|---|
| તબીબી | | • એમઆરએનએ | • એમઆરએનએ | • નકલ ના કરી શકાય તેવાં વિષાણુ વાહક (સીએચએડી) |
| ગેર તબીબી | ચરબી | • એએલસી -0315<br>• એએલસી -0159 – a પોલીથિલીન ગ્લાયકોલ (પીઈજી)<br>• 1,2- ડાઈસ્ટીઅરોલીન-એસએન-ગ્લાયસેરો-3-ફોસ્ફોકોલીન(DSPC)<br>• કોલેસ્ટરોલ | • 1,2-ડાઈસ્ટીઅરોલીન-એસએન-ગ્લાયસેરો-3-ફોસ્ફોકોલીન (ડીએસપીસી)<br>• કોલેસ્ટરોલ<br>• પીઈજી 2000 ડીએમજી એસએમ-102 | • ડાઈસોડિયમ એડિટેટ ડાઈહાઈડરેટ (ઈડીટીએ)<br>• એથેનોલ<br>• એલ-હિસટાઈડીન<br>• એલ-હિસટાઈડીન હાઈડરોકલોરાઈડ મોનોહાઈડરેટ<br>• પોલીસોરબેટ 80 |
| | ક્ષારો | • ડાઇબેસિક સોડિયમ ફોસ્ફેટ ડાઈહાઈડરેટ<br>• મોનોબેસિક પોટાશ્યમ ફોસ્ફેટ<br>• પોટાશ્યમ ક્લોરાઈડ<br>• સોડિયમ ક્લોરાઈડ | • એસિટીક એસિડ<br>• સોડિયમ એસીટેટ ટ્રાઈહાઈડ્રેટ<br>• ટ્રોમેથામાઈન<br>• ટ્રોમેથામાઈન હાઈડ્રોક્લોરાઈડ | • મેગ્નેશયમ ક્લોરાઈડ હેકસાહાઈડ્રેટ<br>• સોડિયમ ક્લોરાઈડ |
| | શર્કરા | • સુકરોઝ<br>• ઈંજેક્શન માટેનું પાણી | • સુકરોઝ<br>• ઈંજેક્શન માટેનું પાણી | • સુકરોઝ<br>• ઈંજેક્શન માટેનું પાણી |

તે ખૂબ જ મહત્વનું છે કે આ યાદીને ધ્યાન રાખીને સમીક્ષા કરો કારણ કે કેટલાંક લોકોને **પોલીથિલીન ગ્લાયકોલ(પીઈજી)**, અને **પોલીસોરબેટ 80** અને/અથવા **ટ્રોમેથામાઈન**, સહિતની રસીની વસ્તુઓની એલર્જી હોઈ શકે છે. પરંતુ, આનાથી ભાગ્યેજ એલર્જીક રીએક્શન થતું હોય છે. પોલીથિલીન ગ્લાયકોલ(પીઈજી) દવાઓ, કોલોનોસ્કોપી માટેની તૈયારી માટેનાં ઉત્પાદોમાં, જુલાબમાં, ઉધરસની દવાઓ, સૌંદર્ય પ્રસાધનો, ચામડીનાં ક્રીમ, તબીબી ઉત્પાદો જેનો ઉપયોગ ચામડી પર થતો હોય અને ઓપરેશન દરમ્યાન, ટૂથપેસ્ટ, કોન્ટેક્ટ લેન્સ, અને કોન્ટેક્ટ લેન્સનાં સોલ્યુશનમાં જોવા મળે છે. પોલીથિલીન ગ્લાયકોલ ખાદ્ય પદાર્થો અને પીણાંઓમાં પણ જોવા મળે છે, પણ ખાદ્ય પદાર્થો અને પીણાંઓથી એલર્જીક રીએક્શન થયાનું જણાયું નથી. પોલીસોરબેટ 80 તબીબી વસ્તુઓની તૈયારીમાં (જેવી કે, વિટામીન તેલ, ગોળીઓ, અને એન્ટી કેન્સર એજન્ટ) અને સૌંદર્ય પ્રસાધનોમાં જોવાં મળે છે. ટ્રોમેથામાઈન કોન્ટ્રાસ્ટ મીડિયા, મૌખિક અને દ્રાવણની દવાઓમાં જોવાં મળે છે.

## રસીની આડ અસરો શ છ?

અન્ય રસીઓની જેમ COVID-19 રસીઓની આડ અસર થઈ શકે છે, પરંતુ તે બધાંને થતી નથી અને જે લોકોને તેનો અનુભવ થાય છે તે મોટે ભાગે નિમ્ન કક્ષાની રિપોર્ટ થયેલી છે. COVID-19ની રસી મેળવ્યા પછી સૌથી વધુ સામાન્ય રિપોર્ટ થયેલી આડ અસરમાં સ્થાનિક પ્રતિસાદ જેમા દુખાવો, ઇન્જેકશન સ્થાન પર સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુનો દુખાવો, સાંધાનો દુખાવો, ધ્રુજારી, અને સાધારણ તાવનો સમાવેશ થાય છે.

COVID-19ની રસીઓ પરનાં ચાલુ અધ્યયનો **તદ્દન ભાગ્યેજ** જોવાં મળતી ગંભીર આડ અસરો દર્શાવી છે. આ અધ્યયન દરમ્યાન જે લોકોએ રસી મેળવી હતી તેમનાં પર લાંબાગાળાની આડ અસર માટે સતત દેખરેખ રાખવામાં આવે છે.

ક્લિનિક સ્ટાફ તીવ્ર એલર્જીક રીએક્શન જો થાય તો તેની સારવાર કેવી રીતે કરવી તેની વ્યવસ્થા માટે તૈયાર છે. જ્યારે તમે COVID-19 રસીનો બીજો ડોઝ મેળવો ત્યારે, **જો તમને પ્રથમ ડોઝ પછી આડ અસર થઈ હોય તો આરોગ્ય સંભાળ પ્રદાતાને તેની જાણ કરો.**

એસ્ટ્રાઝેનેકા/કોવિશિલ્ડ રસી, રસી કરણ પછી ભાગ્યે જ જોવા મળતાં લોહી ગંઠાવા સાથે જોડાયેલ છે. જેને ડોક્ટરો  રસી પ્રેરિત પ્રોથ્રોમ્બોટીક ઈમ્યુન **thrombocytopenia થ્રોમ્બોસાયટોપેનિયા** (VIPIT)_તરીકે ઓળખે છે. આ લોહીનાં ગઠ્ઠાનાં બે મહત્વનાં સ્વરૂપ છે: તે રસી કરણનાં 4 થી 20 દિવસ પછી થાય છે, અને તે પ્લેટલેટ ઓછાં થવા સાથે સંકળાયેલાં છે (ઝીણાં લોહીનાં ગઠ્ઠા જે રક્તસ્ત્રાવ અટકાવવા માટે લોહી જામવામાં મદદ કરે છે). VIPIT ભાગ્યે જ જોવાં મળે છે, 1,25,000 માં 1 થી માંડીને 1 મિલિયન લોકોમાં 1 ને થાય છે. 55 વર્ષથી ઓછી વયની સ્ત્રીઓમાં ઘણું સામાન્ય જોવામાં આવે છે. કપા કરી વધુ માહિતી માટે VIPIT Following AstraZeneca COVID-19 રસી જુઓ.

**Health Canada** **હેલ્થ કેનેડા** દ્વારા કેનેડીયનને COVID-19 સામે અસ્ટ્રાઝેનેકા/કોવિશિલ્ડની રસીનાં લાભનું મૂલ્યાંકન કરીને અને અધિક ભારે જોખમ સામે રક્ષણ માટે નિર્ધારિત કર્યું છે. ખાસ કરીને ઘરડાં લોકોમાં લોહીનું જામવું સામાન્ય છે. COVID-19 લોહી જામવાં કારણ ભૂત તરીકે સંકળાયેલું છે, એટલે ભૂતકાળમાં લોહી જામી ગયું હોય, અથવા લોહી જામવાનો કૌટુંબિક ઈતિહાસ હોય અને જેઓ લોહી પાતળું થવાની દવા લેતાં હોય તેવાં લોકો માટે બધી COVID-19 રસીઓ લેવા ભલામણ ચાલુ છે.

## મારે આરોગ્ય સંભાળ પ્રદાતાને ક્યારે કૉલ કરવો.

જો તમે આડ અસર અનુભવતાં હોવ અને જેની તમને ચિંતા થતી હોય અથવા થોડાં દિવસમાં જતી રહે નહિ તો, તમારાં આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો અથવા તબીબી દેખરેખ મેળવો.
જો રસી મળ્યાનાં ત્રણ દિવસમાં તમને નિમ્નલિખિતમાંથી કોઈપણ વિપરીત આડ અસર જણાય, તરત જ નજીકનાં **તાત્કાલીક સારવાર વિભાગમાં જાઓ અથવા 911 પર કૉલ કરો.**

- ફોલ્લીઓનાં ઝૂમખાં
- ચહેરા કે મોઢાં પર સોજો
- શ્વાસ લેવામાં તકલીફ
- રંગ ફિકકો પડી જવો કે ગંભીર રીતે ઘેન રહેવું
- વધુ પડતો તાવ (40 ડિગ્રી સે. કરતાં વધુ)
- વાઈ-ખેંચ કે તાણ
- અન્ય ગંભીર લક્ષણો (દા.ત. “ઝણઝણાટી” કે સૂન થઈ જવું).

જો તમે અસ્ટ્રાઝેનેકા/કોવિશિલ્ડ રસી મેળવી હોય અને રસી મેળવ્યા પછી તમને નિમ્નલિખિતમાંથી કોઈપણ લક્ષણો ઉદભવે, **કૃપા કરી તરત જ તબીબી દેખરેખ મેળવો:**

- શ્વાસ રૂંધામણ
- છાતીમાં દુખાવો
- એક હાથ કે પગમાં સોજો કે ઠંડું પડી જવું
- સતત પેટમાં દુખાવો
- ગંભીર કે વધતો માથાનો દુખાવો અથવા ઝાંખું દેખાવું
- અસંખ્ય નાનાં ચકામા, ચામડીની નીચે લાલ કે જાંબલી ટપકાં કે લોહીનાં ફોલ્લા.

તમે પ્રશ્ન પૂછવા કે વિપરીત આડ અસરની જાણ કરવા તમારા **local public health unit સ્થાનિક જાહેર આરોગ્ય યુનિટનો** પણ સંપર્ક કરી શકો છો.

# મારે મારાં બીજાં ડોઝ માટે ક્યારે પાછાં આવવું જોઈશે?

જો આ તમારો COVID-19ની રસીનો પ્રથમ ડોઝ હોય તો, જ્યાં પ્રથમ ડોઝ મળ્યો હોય ત્યાંનાં રસી કરણ ક્લિનિક અથવા આરોગ્ય સંભાળ પ્રદાતાની સૂચના મુજબ બીજો ડોઝ લેવા માટે પાછાં ફરો તેની ખાતરી કરો. તે મહત્વનું છે કે તમે રસીનાં બંને ડોઝ મેળવો જેથી જ્યાં સુધી તમે બંને ડોઝ નાં મેળવો ત્યાં સુધી COVID-19ની સામે રક્ષણ સાર્થક નથી. જ્યારે તમે બીજો ડોઝ લેવા આવો ત્યારે રસી કરણનો રેકોર્ડ સાથે લેતાં આવજો. **તે ઘણું જ મહત્વનું છે કે પહેલી વખત તમને આડ અસર થઈ હોય તેમ છતાં પણ તમે બીજો ડોઝ મેળવો.**

# મારે કોઈ પ્રશ્ન હોય તો કોણો સંપર્ક કરવો?

જો તમારે કોઈ પણ પ્રશ્ન હોય તો, તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા અથવા તમને જે રસી આપતું હોય તેની સાથે વાત કરો.